ગાંધીનગર સમાચાર, પાના નંબર - ૦૮.
તારીખ :- ૩૧/૦૫/૨૦૨૬.

# ગાંધીનગરમાં અકસ્માતો નિવારવા તંત્રની સરાહનીય કામગીરી મેટ્રો રૂટ પર સ્પીડ લિમિટના બોર્ડ લાગ્યા

## હવે વાહનચાલકોએ જવાબદારી નિભાવવી પડશે




**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના મુખ્ય અને પહોળા રસ્તાઓ વાહનવ્યવહાર માટે વધુ સુવિધાજનક અને ચકાચક બન્યા છે, જયારે માર્ગો પરથી પસાર થતા વાહનોની ગતિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. સારા રસ્તાઓને કારણે વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી રહ્યા હોવાથી અકસ્માતનો ભય સતત મંડરાતો રહે છે. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને પાટનગર યોજના વિભાગ દ્વારા એક અત્યંત સરાહનીય અને આવકારદાયક પગલું ભરવામાં આવ્યું છે. માર્ગો પર દોડતા વાહનોની ગતિને નિયંત્રિત કરવાના હેતુથી તંત્ર દ્વારા મેટ્રો રૂટ પર વિવિધ લેન મુજબ સ્પીડ લિમિટ એટલે કે ગતિ મર્યાદા દર્શાવતા વધુ બોર્ડ મોટા પ્રમાણમાં લગાવવામાં આવ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાની સાઈડમાં તેમજ યોગ્ય જગ્યાએ પ્રદર્શિત કરવામાં આવેલા આ બોર્ડ વાહનચાલકોને કઈ લેનમાં કેટલી ઝડપે વાહન ચલાવવું તેની સ્પષ્ટ વિગતો અને દિશાનિર્દેશો પૂરા પાડે છે. જો પાટનગરના વાહનચાલકો આ સ્પીડ લિમિટના નિયમોનું ગંભીરતાપૂર્વક અને ચુસ્તપણે પાલન કરે તો ચોક્કસપણે આગામી સમયમાં રસ્તાઓ પર થતા નાના-મોટા અકસ્માતોના પ્રમાણમાં મોટો ઘટાડો લાવી શકાય તેમ છે. પાટનગર યોજના વિભાગ દ્વારા રોડ સેફ્ટી એટલે કે માર્ગ સલામતી બાબતે સમયાંતરે અને સતત જે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે, તેનાથી સ્થાનિક

● અનુસંધાન પાન-૭ પર

અનુસંધાન પાના નંબર - ૦૭.

## બોર્ડ લાગ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકોમાં પણ વહીવટીતંત્ર પ્રત્યે સંતોષની લાગણી જોવા મળી રહી છે.

જો કે વહીવટી તંત્ર દ્વારા માત્ર નિયમો બનાવવા કે બોર્ડ લગાવવા પૂરતું જ અકસ્માતો નિવારવાનું કામ શક્ય બનતું નથી. હવે સૌથી મોટી અને મુખ્ય જવાબદારી પાટનગરના વાહનચાલકો અને સામાન્ય નાગરિકોના શિરે આવે છે. સુંદર અને અકસ્માત મુક્ત ગાંધીનગરના નિર્માણ માટે એ જરૂરી બન્યું છે કે દરેક વાહનચાલક પોતાની નૈતિક જવાબદારી સમજે, રસ્તા પર નિર્ધારિત કરવામાં આવેલા ગતિ મર્યાદાના તમામ નિયમોનું સ્વેચ્છાએ પાલન કરે અને વહીવટી તંત્ર દ્વારા અકસ્માતો નિવારવા માટે ચલાવવામાં આવી રહેલી આ મહત્વપૂર્ણ ઝુંબેશમાં સક્રિયપણે સહભાગી બને.